# રેસ્ટોરન્ટ પુનરુદ્ધાર ફંડિંગ પ્રોગ્રામ

## એપ્રિલ 20, 2021ના રોજ અનુસાર પ્રોગ્રામ માર્ગદર્શિકા

# અનુક્રમણિકા


રેસ્ટોરન્ટ પુનરુદ્ધાર ફંડિંગ પ્રોગ્રામ ........ 1

અનુક્રમણિકા ........ 2

પરિચય ........ 3

લાયકાત ........ 4

લાયકાત ધરાવતા એકમો ........ 4

અરજદારનું સારા ભરોસાનું પ્રમાણીકરણ ........ 9

ફંડિંગની રકમની ગણતરી ........ 9

ગણતરી 1 (અરજીનું કોષ્ટક 1): જેઓ જાન્યુઆરી 1, 2019 પહેલાં કામગીરીમાં હોય (વેચાણ કરી રહ્યાં હોય) તેવા અરજદારો: ........ 10

જેમણે 2019માં આંશિક કામગીરી (વેચાણ કરવાનું) શરૂ કરી હોય તેવા અરજદારો ........ 11

ગણતરી 2 (અરજીનું કોષ્ટક 2): ........ 11

ગણતરી 3 (અરજીનું કોષ્ટક 3): જેમણે જાન્યુઆરી 1, 2020 અને માર્ચ 10, 2021 વચ્ચે કામગીરી (વેચાણ કરવાનું) શરૂ કર્યું હોય તેવા અરજદારો; અને જેમણે માર્ચ 11, 2021 સુધીમાં ખોલ્યું હોય પરંતુ વેચાણ શરૂ ના કર્યું હોય, લાયકાત ધરાવતા ખર્ચ કર્યા હોય તેવા અરજદારો: ........ 12

ભંડોળના લાયકાત પ્રાપ્ત ઉપયોગો ........ 13

ભંડોળનો ઉપયોગ કરવા માટે સમય મર્યાદા ........ 14

ભંડોળની માન્યતાનો ઉપયોગ ........ 15

કેવી રીતે અરજી કરવી? ........ 15

SBA રેસ્ટોરન્ટ ભાગીદારો દ્વારા અરજી કરો ........ 16

સીધી SBA દ્વારા અરજી કરો ........ 17

સીધા SBA દ્વારા ટેલિફોનિક માધ્યમથી અરજી કરો ........ 17

ભંડોળ પ્રાપ્ત કરવા ........ 18

રેસ્ટોરન્ટ પુનરુદ્ધાર અરજી ભરવામાં મદદ મેળવો ........ 19

એપ્લિકેશન માહિતી 19
અલગ રાખેલ 21
ભંડોળ આપવામાં પ્રાધાન્યતા 21
ભંડોળ આપવાના શેડ્યૂલમાં પ્રાધાન્યતા 22
જરૂરી દસ્તાવેજીકરણ 23
પરિશિષ્ટ: ટૂંકા નામ અને સંક્ષેપો 25
પરિશિષ્ટ: વ્યાખ્યાઓ 26

# પરિચય

U.S. સ્મોલ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન (SBA) ભોજન અથવા પીણાં પીરસતી હોય તેવી રેસ્ટોરન્ટ્સ, બાર અને અન્ય તેના જેવા વ્યાવસાયિક સ્થળોને રેસ્ટોરન્ટ પુનરુદ્ધાર પ્રોગ્રામ દ્વારા ભંડોળ આપે છે. આ ભંડોળ આપવાનો મૂળ ઉદ્દેશ કોવિડ-19 મહામારીના કારણે આવકમાં નુકસાન ભોગવનારા લાયકાત ધરાવતા એકમોને સહાય પૂરી પાડવાનો છે.

માર્ચ 11, 2021ના રોજ અમેરિકન રેસ્ક્યૂ પ્લાન એક્ટ (ARPA) જાહેર કાયદો (P.L. 117-2) બન્યો છે. કલમ 5003 એ રેસ્ટોરન્ટ પુનરુદ્ધાર ભંડોળ (ભંડોળ) સ્થાપિત કર્યું છે અને ભંડોળ આપવા માટે SBA માટે $28.6 બિલિયન ફાળવેલા છે. આ ફાળવણી ખર્ચ કરવામાં આવે ત્યાં સુધી ઉપલબ્ધ છે. SBA ભંડોળની ઉપલબ્ધતાને આધીન અરજીઓ સ્વીકારવાનું ચાલુ રાખશે.

ભંડોળનો ઉપયોગ લાયક ઉપયોગો માટે માર્ચ 11, 2023 પહેલાં ઉપયોગ કરવો આવશ્યક છે.

રેસ્ટોરન્ટ પુનરુદ્ધાર પ્રોગ્રામ માટે અહીં SBAના વેબપેજનું મૂલ્યાંકન કરો.

ફાળવણી પછીની માર્ગદર્શિકાઓ વિશે વધુ માહિતી આ માર્ગદર્શિકાને અનુસરશે.

# લાયકાત

## લાયકાત ધરાવતા એકમો

લાયકાત ધરાવતા એકમો એવા વ્યવસાયો છે જે કાયમી ધોરણે બંધ કરવામાં આવ્યા નથી અને તેમાં એવા વ્યવસાયો સામેલ છે જ્યાં લોકો અથવા ગ્રાહકો ભોજન અથવા પીણાં પીરસવામાં આવતા હોય તે મૂળભૂત ઉદ્દેશ માટે એકત્ર થતા હોય જેમાં સામેલ છે:

- રેસ્ટોરન્ટ્સ
- ફુડ સ્ટેન્ડ્સ, ફુટ ટ્રક્સ, ફુટ કાર્ટ્સ
- કેટરર્સ
- બાર, સેલૂન, લોન્જ, ટેવેમ્સ
- લાઇસન્સ પ્રાપ્ત સુવિધા અથવા પીવાલાયક આલ્કોહોલનું ઉત્પાદન કરતા પરિસરો કે જ્યાં લોકો ઉત્પાદનો ચાખે, નમૂના લે અથવા ખરીદી કરે
- તેના જેવા અન્ય વ્યાવસાયિક સ્થળો કે જ્યાં લોકો અથવા ગ્રાહકો ભોજન અથવા પીણાં પીરસવામાં આવતા હોય તે મૂળભૂત ઉદ્દેશ માટે એકત્ર થતા હોય
- નાસ્તા અને નોન-આલ્કોહોલિક પીણાંના બાર
- *બેકરીઓ
- *બ્રૂ-પબ્સ, ટેસ્ટિંગ રૂમ, ટેપરૂમ
- *બ્રુઅરીઝ અને/અથવા માઇક્રોબ્રુઅરીઝ
- *વાઇનરીઝ અને ડિસ્ટિલરીઝ
- **ઇન્સ

* બેકરીઓ, બ્રૂ-પબ્સ, ટેસ્ટિંગ રૂમ, ટેપરૂમ, બ્રુઅરીઝ, માઇક્રોબ્રુઅરીઝ, વાઇનરીઝ અને ડિસ્ટિલરીઝ: લાયકાત મેળવવા માટે, આ વ્યવસાયોએ તેમની અરજી સાથે દસ્તાવેજો પૂરાં પાડવા આવશ્યક છે કે, 2019માં લોકોમાં કરવામાં આવતું સ્થળ પર વેચાણ કુલ આવકના 33% છે. જે વ્યવસાયો 2020માં ખુલ્યા છે અને અથવા જે હજુ સુધી ખુલ્યા નથી તેવા કિસ્સામાં, અરજદારના મૂળ વ્યવસાય મોડેલે સ્થળ પર લોકોને વેચાણ પરની કુલ આવકના ઓછામાં ઓછા 33% ધ્યાનમાં લેવા જોઈએ.

**ઇન્સ: લાયકાત મેળવવા માટે, આ વ્યવસાયોએ તેમની અરજી સાથે દસ્તાવેજો પૂરાં પાડવા આવશ્યક છે કે, 2019માં લોકોમાં કરવામાં આવતું ભોજન અને પીણાનું સ્થળ-પર વેચાણ કુલ આવકના 33% છે. જે વ્યવસાયો 2020માં ખુલ્યા છે અને અથવા જે હજુ સુધી ખુલ્યા નથી તેવા કિસ્સામાં, અરજદારના મૂળ વ્યવસાય મોડેલે સ્થળ-પર લોકોને વેચાણ પરની કુલ આવકના ઓછામાં ઓછા 33% ધ્યાનમાં લેવા જોઈએ.

નોંધ: "જ્યાં જાહેર લોકો અથવા ગ્રાહકો પીરસવામાં આવતા ભોજન અથવા પીણાંના પ્રાથમિક ઉદ્દેશ સાથે એકત્ર થતા હોય તેવી વ્યવસાયની જગ્યા"ની જરૂરિયાત પૂર્ણ કરવા માટે લાયક સંસ્થા 2019માં જાહેર જનતાને સ્થળ-પર ઓછામાં ઓછું 33% વેચાણ ધરાવતી હોવી જોઇએ. 2020માં ખુલી હોય અથવા જે હજુ સુધી ના ખુલી હોય તેવી લાયક સંસ્થાઓના મૂળ વ્યવસાય મોડેલે કુલ આવકમાંથી ઓછામાં ઓછો 33% હિસ્સો સ્થળ-પર લોકોને વેચાણથી પૂરો કર્યો હોવો જોઈએ. વધારાના દસ્તાવેજોની જરૂરિયાત સિવાયની સંસ્થાઓ જેમકે રેસ્ટોરન્ટ્સ અને બાર, તેમણે 2019માં તેમની કુલ આવકમાંથી ઓછામાં ઓછા 33% હિસ્સો લોકોને સ્થળ-પર વેચાણ દ્વારા મેળવ્યો હોવાનું માની લેવામાં આવે છે. તમામ અરજદારે "અરજદાર આ અરજી સબમિટ કરવામાં આવી હોય તે સમયે અમલમાં રહેલા નિયમો હેઠળ ભંડોળ પ્રાપ્ત કરવા લાયક છે" તેનું પાલન કરીને અરજી અવશ્યપણે પ્રમાણિત કરેલી હોવી જોઈએ.

લાયકાત ધરાવતા એકમોમાં એરપોર્ટ ટર્મિનલમાં સ્થિત ઉપરની કોઈપણ સંસ્થા સમાવેશ થાય છે અથવા જે અન્ય વ્યવસાયની અંદર સ્વતંત્ર રીતે સંચાલિત થતા હોય (એટલે કે તેનો પોતાનો ટેક્સ ઓળખ નંબર છે) (દા.ત. એક રેસ્ટોરન્ટ જે હોટલ અથવા કોન્ફરન્સ સેન્ટરની અંદર સ્વતંત્ર રીતે ચાલે છે) અથવા તે આદિજાતિ-માલિકી સંબંધિત હોય તેનો સમાવેશ થાય છે.

| શ્રેણી | લાયક | ગેરલાયક |
|---|---|---|
| સંસ્થાનું સ્વરૂપ | • C કોર્પોરેશનો**<br>• S-કોર્પોરેશનો**<br>• ભાગીદારી<br>• લિમિટેડ લાયેબિલિટી કંપનીઓ<br>• એકમાત્ર માલિક<br>• સ્વ-રોજગારવાળી વ્યક્તિઓ<br>• સ્વતંત્ર કોન્ટ્રાક્ટરો<br>• આદિજાતિના વ્યવસાય | • સંસ્થાના અન્ય તમામ સ્વરૂપો |
| વ્યવસાય ટેક્સ ઓળખ નંબર | • માન્ય EIN<br>• માન્ય SSN<br>• માન્ય ITIN | • સમાપ્ત થયેલ EIN<br>• સમાપ્ત થયેલ SSN<br>• સમાપ્ત થયેલ ITIN |

| | | |
|---|---|---|
| રાજ્ય અથવા સ્થાનિક સરકાર-સંચાલિત બિઝનેસ | NA | • કોઇપણ રાજ્ય અથવા સ્થાનિક સરકાર-સંચાલિત બિઝનેસ |
| પરિચાલન સ્થિતિ | • ખુલ્લો<br>• અસ્થાયી બંધ<br>• માર્ચ 11, 2021 સુધીમાં થયેલા ખર્ચ સાથે, ટૂંક સમયમાં ખુલે છે | • કાયમી બંધ |
| નાદાર સ્થિતિ | • નાદારી માટે નોંધાવ્યું નથી<br>• ચેપ્ટર 11, ચેપ્ટર 12 અથવા ચેપ્ટર 13 નાદારી હેઠળ પુનર્ગઠનના માન્ય (પુષ્ટિ કરેલ) પ્લાન હેઠળ ચાલી રહ્યો છે | • કાયમી બંધ<br>• ચેપ્ટર 7 નાદારી નોંધાવી છે<br>• ચેપ્ટર 11, 12, 13 નાદારી નોંધાવી છે પરંતુ પુનર્ગઠનના માન્ય (પુષ્ટિ કરેલ) પ્લાન હેઠળ ચાલી રહેલ નથી |
| SAM.gov અને DUNS નંબરમાં નોંધણી | • આવશ્યક નથી | N/A |
| સ્થળોની સંખ્યા | • માર્ચ 13, 2020 ના રોજ સુધીમાં, તે સ્થાનો પર નામ અથવા વ્યવસાયના પ્રકારને ધ્યાનમાં લીધા વિના, 20 અથવા ઓછા સ્થળોએ વ્યવસાયની માલિકી અથવા ચલાવવો (કોઈપણ સંલગ્ન વ્યવસાય સાથે) | • માર્ચ 13, 2020 ના રોજ સુધીમાં, તે સ્થાનો પર નામ અથવા વ્યવસાયના પ્રકારને ધ્યાનમાં લીધા વિના, 20થી વધારે સ્થળોએ વ્યવસાયની માલિકી અથવા ચલાવવો (કોઈપણ સંલગ્ન વ્યવસાય સાથે) |
| પેચેક પ્રોટેક્શન પ્રોગ્રામ અરજદારો | • PPP માટે અરજી કરી નથી<br>• પહેલાંથી જ PPP લોન મેળવી છે | N/A |

| | | |
|---|---|---|
| | • PPP લોન માટે અરજી પડતર હોય (નોંધ: રેસ્ટોરન્ટ પુનરુદ્ધાર ફંડિંગ માટે અરજી કરીને, અરજદારે કોઇપણ બાકી PPP અરજી પાછી ખેંચી લેવી જોઇએ; અરજદારની ખરાઇ EIN/ITIN/SSNનો ઉપયોગ કરીને થાય છે) | |
| બંધ કરેલ સ્થળોના અરજદારો | • અરજી કરી નથી<br>• બંધ કરેલા સ્થળનાં ઓપરેટરોનાં અનુદાનનો ઇનકાર કર્યો | • બંધ કરેલા સ્થળનાં ઓપરેટરોનું અનુદાન પ્રાપ્ત કર્યું<br>• બંધ કરેલા સ્થળના ચાલકોનાં અનુદાન માટે પડતર અરજી છે |
| EIDL, EIDL એડવાન્સ, લક્ષિત EIDL એડવાન્સ | • અરજી કરી નથી<br>• અરજદારે ઇકોનોમિક ઇન્જરી ડિઝાસ્ટર લોન (EIDL), EIDL એડવાન્સ અથવા લક્ષિત EIDL એડવાન્સ મેળવ્યું હોય | NA |
| બિન-નફાકારક સંગઠનો | NA | • તમામ બિન-નફાકારક સંગઠનો |
| સાર્વજનિક વેપાર કરતી કંપનીઓ | NA | • તમામ સાર્વજનિક વેપાર કરતી કંપનીઓ |

| | | |
|---|---|---|
| ફ્રેન્ચાઇઝીઓ | • જો અરજદાર ફ્રેન્ચાઇઝી અથવા તેની સમકક્ષ કરાર કે જે 16 CFR 436માં ફ્રેન્ચાઇઝીની સંઘ વેપાર કમિશનની વ્યાખ્યાને સંતોષે છે તે હેઠળ ચલાવતા હોય ફ્રેન્ચાઇઝી SBAના અન્ય લાયકાત માપદંડ (જેમકે, 13 CFR § 120.110) હેઠળ લાયકાત ધરાવે છે તે સુનિશ્ચિત કરવા માટે ફ્રેન્ચાઇઝી આઇડેન્ટિફાયર કોડ સાથે SBA ફ્રેન્ચાઇઝી ડિરેક્ટરી* પર ફ્રેન્ચાઇઝી અવશ્યપણે સૂચિબદ્ધ હોવા જોઇએ; | NA |
| ફંડિંગની વિનંતીનું કદ | • $1,000 અથવા તેનાથી વધારે ફંડિંગ વિનંતીઓ | • $1,000થી ઓછી ફંડિંગ વિનંતીઓ<br>• પ્રત્યેક સ્થળ દીઠ $5 મિલિયનથી વધારે ભંડોળની વિનંતીઓ (અરજદાર માટે અને અન્ય સંલગ્ન વ્યવસાયો માટે કુલ $10,000,000થી વધારે નહીં) |

** ફ્રેન્ચાઇઝીઓ: ડિરેક્ટરીમાં સૂચિબદ્ધ ના હોય તેવી બ્રાન્ડ્સ (જેમને જોડાણના મુદ્દે અગાઉ ડિરેક્ટરી પર સૂચિબદ્ધ કરવાની ના પાડી હોય તેવી બ્રાન્ડ્સ સહિત) માટે, ફ્રેન્ચાઇઝરે ફ્રેન્ચાઇઝી ડિસ્ક્લોઝર દસ્તાવેજ (અથવા અન્ય કરાર) અને ફ્રેન્ચાઇઝીએ સહી કરવા જરૂરી હોય તેવા અન્ય તમામ દસ્તાવેજો SBAના અન્ય લાયકાત માપદંડ (જેમકે, 13 CFR § 120.110)ની સમીક્ષા કરવા માટે franchise@sba.gov પર સબમિટ કરાવવા આવશ્યક છે.*

***B-કોર્પોરેશનો કેવી રીતે તેઓ ટેક્સ આપે છે તેના આધારે S-કોર્પોરેશન અથવા C-કોર્પોરેશન પસંદ કરી શકે છે.*

### અરજદારનું સારા ભરોસાનું પ્રમાણીકરણ

અરજદારો SBA ફોર્મ 3172 પર સારા ભરોસાનું પ્રમાણીકરણ કરવું આવશ્યક છે કે:

- વર્તમાન આર્થિક અનિશ્ચિતતા અરજકર્તાની ચાલું અથવા ભાવી કામગીરીઓને ટેકો આપવા માટે આ ભંડોળની વિનંતીને જરૂરી બનાવે છે.
- અરજદાર પાસે SBA તરફથી બંધ થયેલ સ્થળ સંચાલક અનુદાન માટે કોઇ બાકી અરજી નથી અને તે પ્રાપ્ત કર્યું નથી.

## ફંડિંગની રકમની ગણતરી

SBA દ્વારા લાયકાત જરૂરિયાતો પૂર્ણ કરતા હોય તેવા અરજકર્તાઓને સ્થળ દીઠ $5,000,000 (અરજકર્તા અને કોઇપણ આનુષંગિક વ્યાપારો માટે કુલ $10,000,000 કરતા વધારે નહીં) સુધીનું ભંડોળ પ્રદાન કરવામાં આવી શકે છે.

ભંડોળની લઘુતમ રકમ $1,000 રહેશે; આથી, ફંડિંગમાં $1,000 (ચોખ્ખા જરૂરી ઘટાડા) કરતાં ઓછી વિનંતીની અરજીઓને સ્વીકારવામાં અને મંજૂરી આપવામાં આવશે નહીં. ઉદાહરણ તરીકે, જો અરજદાર Xને આવકમાં $2,000નો ઘટાડો થયો હોય પરંતુ $1,500ની PPP લોનની અરજી કરી હોય તો, અરજદારની અરજીને પ્રક્રિયા માટે અને ફંડિંગ માટે માન્યતા આપવામાં આવશે નહીં કારણ કે ચોખ્ખી ફંડિંગની ગણતરી $1,000 કરતાં ઓછી છે.

SBA માને છે કે $1,000 નીચેની કોઇપણ એવોર્ડની રકમ ઘટાડવામાં આવશે અને આથી આ લઘુતમ મર્યાદા “હાલમાં ચાલી રહેલી કામગીરીઓને સહકાર આપવા માટે” લાયક સંસ્થાઓ ભંડોળનો ઉપયોગ કરે તેવા કોંગ્રેસના આદેશને અનુરૂપ છે, ARPA § (5003)(c)(2)(i).

ફંડિંગની રકમની ગણતરી કરવા માટે, “કાર્યરત”નો અર્થ જ્યારે એકમે વેચાણ કરવાનું શરૂ કર્યું હોય તે દિવસ થાય છે. આનો અર્થ અરજદારના કાયદેસર એકમને સ્થાપિત કરવા માટે રાજ્ય સચિવ સાથે અરજદારની નોંધણી થઇ હોય તે દિવસ નથી (ઉદાહરણ તરીકે: જો અરજદારે ઑગસ્ટ 15, 2015ના રોજ LLCની રચના કરી છે, પરંતુ જાન્યુઆરી 1, 2016 સુધી પ્રથમ વેચાણ કર્યું નથી તો, અરજદારની કાર્યરત થવાની તારીખ જાન્યુઆરી 1, 2016 રહેશે).

વધુમાં, જે એકમોએ 2019માં આંશિક કામગીરીની શરૂઆત કરી હોય, તેઓ (પોતાની વિવેકબુદ્ધિ અનુસાર) નીચે આપેલી ફંડિંગની ગણતરીઓમાંથી ગણતરી 2 અથવા ગણતરી 3 કોઇપણ પસંદ કરી શકે છે.

દાખલ કર્યા પછી અને ફંડિંગ આપવામાં આવે તે પહેલાંના સુધારાઓ માટે અરજદારે અરજી પોર્ટલની ફરી મુલાકાત લેવી પડશે અથવા સુધારા, નવા દસ્તાવેજીકરણ દાખલ કરવા અને સમીક્ષા અને ચુકવણીઓને ફરી શરૂ કરવા માટે સહાય હોટલાઇન પર કૉલ કરવાનો રહેશે. કૃપા કરીને નોંધી લેશો કે, જો અરજદાર રીસ્ટાર્ટની શરૂઆત કરે તો, અરજીની સમીક્ષાને ફાઇનલ કરવા માટે SBAને ફરી દાખલ કર્યા પછીના 14 દિવસ સુધીનો સમય લાગી શકે છે.

ભંડોળ મેળવનારને પહેલાંથી ચુકવી દીધેલા એવોર્ડ્સ માટે SBA દ્વારા સુધારાઓની મંજૂરી આપવામાં આવશે નહીં.

## ગણતરી 1 (અરજીનું કોષ્ટક 1): જેઓ જાન્યુઆરી 1, 2019 પહેલાં કામગીરીમાં હોય (વેચાણ કરી રહ્યાં હોય) તેવા અરજદારો:

**પગલું 1:** લાયક સંસ્થાના વર્ષ 2019 ફેડરલ ટેક્સ રિટર્નમાં જાણ કરી હોય તે અનુસાર ફુલ આવક સાથે શરૂઆત કરો.

**પગલું 2:** લાયક સંસ્થાના વર્ષ 2020 ફેડરલ ટેક્સ રિટર્નમાં જાણ કરી હોય અથવા જાણ કરવાની હોય તે 2020 કુલ આવક અથવા જો નિયુક્ત SBA પોઇન્ટ-ઓફ-સેલ રેસ્ટોરન્ટ પાર્ટનર દ્વારા અરજી કરી રહ્યાં હોવ તો, પોઇન્ટ-ઓફ-સેલ પાર્ટનર સાથે રેકોર્ડ થયેલી કુલ આવક બાદ કરો. પેચેક પ્રોટેક્શન પ્રોગ્રામ (PPP) લોન (ફર્સ્ટ ડ્રો PPP લોન અથવા સેકન્ડ ડ્રો PPP લોન), SBA સેક્શન 1112 ચુકવણીઓ અથવા કોઇપણ SBA ઇકોનોમિક ઇન્જરી ડિઝાસ્ટર લોન (EIDL) લોન, EIDL એડવાન્સ, લક્ષિત EIDL એડવાન્સ, રેન્ડોલ્ફ-શેફર્ડ અધિનિયમ ફાઇનાન્સિયલ રાહત અને પુનઃસ્થાપન ચુકવણીઓ (FRRP) વિનિયોગ અથવા અન્ય રાજ્ય અથવા સ્થાનિક નાના વ્યવસાયનાં અનુદાન (CARES કાયદો અથવા અન્ય દ્વારા) કોઇપણ રકમ મેળવી હોય તો તેને સામેલ કરશો નહીં.

**પગલું 3:** કોઇપણ PPP લોન (ફર્સ્ટ ડ્રો PPP લોન અને સેકન્ડ ડ્રો PPP લોન) માટે કુલ ચુકવણી તરીકે પ્રાપ્ત થયેલી રકમ તે 2020 અથવા 2021માં પ્રાપ્ત થઇ હોય તેને ધ્યાનમાં લીધા વગર બાદ કરો. તમે મે 18, 2020 પહેલાં PPP સેફ હાર્બર કાયદાના પાલનમાં પરત ચુકવેલી કોઇપણ રકમ સામેલ કરશો નહીં.

**પગલું 4:** જો કુલ રકમ $5 મિલિયન પ્રતિ ભૌતિક સ્થાનથી વધારે હોય તો, દરેક ભૌતિક સ્થાન દીઠ રકમ ઘટાડીને $5 મિલિયન કરો. તમારી ફંડિંગની રકમ, આનુષંગિકો સાથે મળીને $10 મિલિયનથી વધારે ના થવી જોઇએ. જો કુલ $1,000થી નીચે હોય તો, તમે લાયકાત ધરાવતા નથી.

## જેમણે 2019માં આંશિક કામગીરી (વેચાણ કરવાનું) શરૂ કરી હોય તેવા અરજદારો

જે એકમોએ 2019માં આંશિક કામગીરીની શરૂઆત કરી હોય, તેઓ (પોતાની વિવેકબુદ્ધિ અનુસાર) નીચે આપેલી ફંડિંગની ગણતરીઓમાંથી ગણતરી 2 અથવા ગણતરી 3 કોઇપણ પસંદ કરી શકે છે.

### ગણતરી 2 (અરજીનું કોષ્ટક 2):

**પગલું 1:** તમારી વાર્ષિક 2019ની કુલ આવકની ગણતરી કરો:

- પગલું 1(a): લાયક સંસ્થાના વર્ષ 2019 ફેડરલ ટેક્સ રિટર્નમાં જાણ કરી હોય તે અનુસાર કુલ આવક સાથે શરૂઆત કરો.
- પગલું 1(b): તમારી 2019ની સરેરાશ માસિક કુલ આવકની ગણતરી કરો.
  ઉદાહરણ તરીકે, જો તમે ઓક્ટોબર 15, 2019ના રોજ તમારા દરવાજા ખોલ્યા હોય (2.5 મહિના માટે કામગીરીમાં હતા) અને તમારી 2019ની કુલ આવક $25,000 હતી. 2019ની $10,000ની સરેરાશ માસિક કુલ આવકની ગણતરી માટે $25,000ને 2.5 વડે ભાગાકાર કરો.
- પગલું 1(c): તમારી 2019 સરેરાશ માસિક કુલ આવક (પગલું 1(b)માંથી મળેલી રકમ)નો 12 વડે ગુણાકાર કરો .
  ઉદાહરણ તરીકે, જો તમારી 2019ની સરેરાશ માસિક કુલ આવક $10,000 હતી તો, $10,000 ગુણ્યા 12 કરો એટલે $1,20,000 મળશે.

**પગલું 2:** લાયક સંસ્થાના વર્ષ 2020 ફેડરલ ટેક્સ રિટર્નમાં જાણ કરી હોય અથવા જાણ કરવાની હોય તે 2020 કુલ આવક અથવા જો નિયુક્ત SBA પોઇન્ટ-ઓફ-સેલ રેસ્ટોરન્ટ પાર્ટનર દ્વારા અરજી કરી રહ્યાં હોવ તો, પોઇન્ટ-ઓફ-સેલ પાર્ટનર સાથે રેકોર્ડ થયેલી કુલ આવક બાદ કરો. પેચેક પ્રોટેક્શન પ્રોગ્રામ (PPP) લોન (ફર્સ્ટ ડ્રો PPP લોન અથવા સેકન્ડ ડ્રો PPP લોન), SBA સેક્શન 1112 ચુકવણીઓ અથવા કોઇપણ SBA ઇકોનોમિક ઇન્જરી ડિઝાસ્ટર લોન (EIDL) લોન, EIDL એડવાન્સ, લક્ષિત EIDL એડવાન્સ, રેન્ડોલ્ફ-શેફર્ડ અધિનિયમ ફાઇનાન્સિયલ રાહત અને પુનઃસ્થાપન ચુકવણીઓ (FRRP) વિનિયોગ અથવા અન્ય રાજ્ય અથવા સ્થાનિક નાના વ્યવસાયનાં અનુદાન (CARES કાયદો અથવા અન્ય દ્વારા) કોઇપણ રકમ મેળવી હોય તો તેને સામેલ કરશો નહીં.

**પગલું 3:** કોઇપણ પેચેક પ્રોટેક્શન પ્રોગ્રામ (PPP) લોન (ફર્સ્ટ ડ્રો PPP લોન અને સેકન્ડ ડ્રો PPP લોન) માટે કુલ ચુકવણી તરીકે પ્રાપ્ત થયેલી રકમ તે 2020 અથવા 2021માં પ્રાપ્ત થઇ હોય તેને ધ્યાનમાં લીધા વગર બાદ કરો. તમે મે 18, 2020 પહેલાં PPP સેફ હાર્બર કાયદાના પાલનમાં પરત ચુકવેલી કોઇપણ રકમ સામેલ કરશો નહીં.

**પગલું 4:** જો કુલ રકમ $5 મિલિયન પ્રતિ ભૌતિક સ્થાનથી વધારે હોય તો, દરેક ભૌતિક સ્થાન દીઠ રકમ ઘટાડીને $5 મિલિયન કરો. તમારી ફંડિંગની રકમ, આનુષંગિકો સાથે મળીને $10 મિલિયનથી વધારે ના થવી જોઇએ. જો કુલ $1,000થી નીચે હોય તો, તમે લાયકાત ધરાવતા નથી.

## ગણતરી 3 (અરજીનું કોષ્ટક 3): જેમણે જાન્યુઆરી 1, 2020 અને માર્ચ 10, 2021 વચ્ચે કામગીરી (વેચાણ કરવાનું) શરૂ કર્યું હોય તેવા અરજદારો; અને જેમણે માર્ચ 11, 2021 સુધીમાં ખોલ્યું હોય પરંતુ વેચાણ શરૂ ના કર્યું હોય, લાયકાત ધરાવતા ખર્ચ કર્યા હોય તેવા અરજદારો:

**પગલું 1:** ફેબ્રુઆરી 15, 2020થી માર્ચ 11, 2021 સુધીમાં લાયકાત ધરાવતા ખર્ચાઓ પર તમે ખર્ચ કરેલી કુલ રકમ સાથે શરૂઆત કરો. લાયકાત ધરાવતા ખર્ચની વ્યાખ્યા નીચે “લાયકાત ધરાવતા ભંડોળના ઉપયોગો,” જેવી જ છે.

**પગલું 2:** વર્ષ 2020 અને 2021 (માર્ચ 11, 2021 સુધીમાં) સંસ્થાના ફેડરલ ટેક્સ રિટર્નમાં જાણ કરી હોય અથવા જાણ કરવાની હોય તે અનુસાર કુલ આવક જો નિયુક્ત SBA પોઇન્ટ-ઓફ-સેલ રેસ્ટોરન્ટ પાર્ટનર દ્વારા અરજી કરી રહ્યાં હોવ તો, પોઇન્ટ-ઓફ-સેલ પાર્ટનર સાથે રેકોર્ડ થયેલી કુલ આવક બાદ કરો. પેચેક પ્રોટેક્શન પ્રોગ્રામ (PPP) લોન (ફર્સ્ટ ડ્રો PPP લોન અથવા સેકન્ડ ડ્રો PPP લોન), SBA સેક્શન 1112 ચુકવણીઓ અથવા કોઇપણ SBA ઇકોનોમિક ઇન્જરી ડિઝાસ્ટર લોન (EIDL) લોન, EIDL એડવાન્સ, લક્ષિત EIDL એડવાન્સ, રેન્ડોલ્ફ-શેફર્ડ અધિનિયમ ફાઇનાન્સિયલ રાહત અને પુનઃસ્થાપન ચુકવણીઓ (FRRP) વિનિયોગ રાજ્ય અને સ્થાનિક નાના વ્યવસાયનાં અનુદાન (CARES કાયદો અથવા અન્ય દ્વારા)માં કોઇપણ રકમ મેળવી હોય તો તેને સામેલ કરશો નહીં.

**પગલું 3:** કોઇપણ પેચેક પ્રોટેક્શન પ્રોગ્રામ (PPP) લોન (ફર્સ્ટ ડ્રો PPP લોન અને સેકન્ડ ડ્રો PPP લોન) માટે કુલ ચુકવણી તરીકે પ્રાપ્ત થયેલી રકમ તે 2020 અથવા 2021માં પ્રાપ્ત થઇ હોય તેને ધ્યાનમાં લીધા વગર બાદ કરો. તમે મે 18, 2020 પહેલાં PPP સેફ હાર્બર કાયદાના પાલનમાં પરત ચુકવેલી કોઇપણ રકમ સામેલ કરશો નહીં.

**પગલું 4:** જો કુલ રકમ $5 મિલિયન પ્રતિ ભૌતિક સ્થાનથી વધારે હોય તો, દરેક ભૌતિક સ્થાન દીઠ રકમ ઘટાડીને $5 મિલિયન કરો. તમારી ફંડિંગની રકમ, આનુષંગિકો સાથે મળીને $10 મિલિયનથી વધારે ના થવી જોઇએ. જો કુલ $1,000થી નીચે હોય તો, તમે લાયકાત ધરાવતા નથી.

## ભંડોળના લાયકાત પ્રાપ્ત ઉપયોગો

તમે તમારા આવરી લીધેલા સમયગાળા દરમિયાન નીચે દર્શાવેલા ખર્ચા માટે ભંડોળનો ઉપયોગ કરી શકો છો:

1. વ્યવસાય પેરોલનો ખર્ચ, જેમાં બીમારીની રજા અને ગ્રૂપ હેલ્થ કેર, લાઇફ, વિકલાંગતા, દૃષ્ટિ અથવા દાંતોના લાભ માટે આ સમય દરમિયાન ચુકવણી સાથેની બીમારી, મેડિકલ અથવા ફેમિલી રજા અને ગ્રૂપ હેલ્થ કેર, લાઇફ, વિકલાંગતા, દૃષ્ટિ અથવા દાંત વીમા પ્રીમિયમ ચાલુ રહેવાના સંબંધિત ખર્ચા સામેલ છે;

2. કોઇપણ વ્યવસાય મોર્ગેજ દેવા (મુદ્દલ અને વ્યાજ બંને; નોંધ: આમાં મોર્ગેજ દેવા માટે કોઇપણ મુદ્દલ અથવા વ્યાજની પુનઃચુકવણી સામેલ નથી)ની ચુકવણી;

3. વ્યવસાય ભાડાની ચુકવણી, લીઝ કરાર અંતર્ગત ભાડા સહિત (નોંધ: આમાં ભાડાની કોઇપણ પુનઃચુકવણી સામેલ નથી);

4. વ્યવસાય ડેબ્ટ સેવા (મુદ્દલ અને વ્યાજ બંને; નોંધ: આમાં કોઇપણ મુદ્દલ અથવા વ્યાજની પુનઃચુકવણી સામેલ નથી);

5. વીજળી, ગેસ, પાણી, ટેલિફોન અથવા ઇન્ટરનેટ એક્સેસના વિતરણ માટેના વ્યવસાયિક ઉપયોગિતાની ચુકવણી અથવા વ્યવસાયના સામાન્ય કામકાજમાં ઉપયોગમાં લેવામાં આવતી કોઈપણ અન્ય ઉપયોગિતા કે જેના માટે માર્ચ 11, 2021 પહેલાં સેવા શરૂ થઈ હોય.

6. દિવાલો, ભોંયતળીયું, ડેકની સપાટીઓ, ફર્નિચર, ફિક્સર અને સાધનોની જાળવણી સહિતના વ્યવસાય જાળવણીના ખર્ચ;

7. આઉટડોર બેઠકનું નિર્માણ;

8. સુરક્ષાત્મક ઉપકરણો અને સફાઇની સામગ્રી સહિત વ્યવસાય પુરવઠાઓ;

9. વ્યવસાયમાં બીઅર, વાઇન અથવા સ્પિરિટ માટે કાયોમાલ સહિત ખોરાક અને પીણાનાં ખર્ચાઓ;

10. આવરિત પૂરવઠાકાર ખર્ચ જે એવા ખર્ચ છે જે લાયક એકમ દ્વારા માલસામાનના પૂરવઠા માટે માલસામાનના પુરવઠાકારને કરવામાં આવ્યા હોય જે:

- જ્યારે ખર્ચ કરવામાં આવ્યો હોય ત્યારે એકમના પરિચાલન માટે આવશ્યક છે; અને
- રેસ્ટોરન્ટ પુનરુદ્ધાર ભંડોળ પ્રાપ્ત થતા પહેલાં કોઇપણ સમયે કોન્ટ્રાક્ટ, ઓર્ડર અથવા અમલમાં હોય તેવા ખરીદી ઓર્ડરના સંદર્ભમાં કરવામાં આવ્યા હોય; અથવા
- બગડી જાય તેવા સમાન, ઓર્ડર અથવા અમલમાં હોય તેવા ખરીદી ઓર્ડરના સંદર્ભમાં આવરી લીધેલા સમયગાળા દરમિયાન કોઇપણ સમયે કરવામાં આવ્યા હોય;

11. વ્યાવસાયિક પરિચાલન ખર્ચ, જે વ્યવસાય માટે જરૂરી અને આવશ્યક હોય તેવી સામાન્ય વ્યવસાયિક કામગીરી (જેમકે, ભાડુ, ઉપકરણ, પુરવઠા, ઇન્વેન્ટરી, એકાઉન્ટિંગ, ટ્રેનિંગ, કાનુની, માર્કેટિંગ, વીમા, લાઇસન્સ, ફી) દ્વારા કરવામાં આવતા વ્યવસાય ખર્ચ તરીકે વ્યાખ્યાયિત કરવામાં આવે છે. વ્યાવસાયિક પરિચાલન ખર્ચમાં કંપનીની દૈનિક પ્રવૃત્તિઓની બહાર થતા ખર્ચને સામેલ કરવામાં આવતા નથી.

નોંધ: જો અગાઉના બાકી ખર્ચા ફેબ્રુઆરી 15, 2020 થી માર્ચ 11, 2023 ના રોજ સમાપ્ત થતા સમય સુધીમાં કરવામાં આવ્યા હોય તો તે લાયક છે.

## ભંડોળનો ઉપયોગ કરવા માટે સમય મર્યાદા

ફાળવણી પ્રાપ્ત કરનારે તમામ રેસ્ટોરન્ટ પુનરુદ્ધાર ભંડોળ માર્ચ 11, 2023 સુધીમાં ફેબ્રુઆરી 15, 2020થી શરૂ કરીને માર્ચ 11, 2023 સુધી કરેલા તમામ લાયક ખર્ચ માટે વાપરી લેવુ આવશ્યક છે. જો બિઝનેસ કાયમી રીતે બંધ થાય છે, તો આવરીત સમયગાળો બિઝનેસ કાયમી રીતે બંધ થાય ત્યારે અથવા માર્ચ 11, 2023, તેમાંથી જે વહેલા થાય ત્યારે સમાપ્ત થશે.

આવરીત સમયગાળાની સમાપ્તિ સુધીમાં પ્રાપ્ત થયેલ રેસ્ટોરન્ટ પુનરુદ્ધાર ભંડોળનો લાયક ખર્ચાઓ પર ઉપયોગ કરવા અસક્ષમ ફાળવણી મેળવનારાઓએ વપરાયા વગરનાં ભંડોળને સરરકારને (આ માર્ગદર્શિકાને અનુસરવા માટે એવોર્ડ માર્ગદર્શન પછી) પરત કરવું અનિવાર્ય છે.

## ભંડોળની માન્યતાનો ઉપયોગ

તમામ અરજદારે માર્ચ 11, 2023 સુધીમાં એવોર્ડના ભંડોળનો ઉપયોગ કરવાનો છે. તમામ અરજદારે કેવી રીતે તેમના એવોર્ડનો દરેક લાયક ઉપયોગની શ્રેણી સામે ઉપયોગ કર્યો છે તેની વિગતો અરજી પોર્ટલના માધ્યમથી છેલ્લામાં છેલ્લે ડિસેમ્બર 31, 2021 સુધીમાં આપવી જરૂરી છે. જો અરજદાર ડિસેમ્બર 31, 2021 પહેલાં તેમના ભંડળોનો સંપૂર્ણ ઉપયોગ કરી નાંખે તો, અરજદારને ભંડોળ લાયક ખર્ચાઓમાં ઉપયોગમાં લીધુ હોવાનું અરજી પોર્ટલમાં પ્રમાણિત કરવાનું કહેવામાં આવશે. જેઓ ડિસેમ્બર 31, 2021 પહેલાં તેમને આપવામાં આવેલા સંપૂર્ણ ભંડોળનો ઉપયોગ ના કરે તેવા તમામ અરજદારોએ, તેઓ સંપૂર્ણ ભંડોળનો ઉપયોગ કરે ત્યાં સુધીમાં અથવા કામગીરીનો સમયગાળો પૂરો થાય ત્યાં સુધીમાં વાર્ષિક રિપોર્ટિંગ દાખલ કરવાનું રહેશે. SBA પ્રમાણીકરણની માન્યતા માટે જરૂરી પૂરક દસ્તાવેજની વિનંતી કરવાનો અધિકાર અબાધિત રાખે છે

# કેવી રીતે અરજી કરવી?

રેસ્ટોરન્ટ પુનરુદ્ધાર ભંડોળ માટે ત્રણ રીતે અરજી થઇ શકે છે.

1. SBA રેસ્ટોરન્ટ પાર્ટનર દ્વારા
2. restaurants.sba.gov પર સીધા SBA દ્વારા
3. (844) 279-8898 પર ટેલિફોનિક રીતે




## SBA રેસ્ટોરન્ટ ભાગીદારો દ્વારા અરજી કરો

SBA દ્વારા બહુવિધ માન્યતાપ્રાપ્ત ટેકનોલોજી કંપનીઓ સાથે ભાગીદારી કરવામાં આવી છે જે રેસ્ટોરન્ટ ઉદ્યોગને વ્યાપક અને સમાન રીતે રાહતનુ વિતરણ સુનિશ્ચિત કરવામાં મદદરૂપ થવા માટે સોફ્ટવેર, હાર્ડવેર અને ચુકવણીની સેવાઓ પૂરી પાડે છે. આ ભાગીદારોને SBAના રેસ્ટોરન્ટ ભાગીદારો અથવા SBAના પોઇન્ટ-ઓફ-સેલ (POS) રેસ્ટોરન્ટ ભાગીદારો સાથે ઓળખવામાં આવે છે.

જો તમે હાલમાં SBAના કોઇ એક રેસ્ટોરન્ટ ભાગીદારનો ઉપયોગ કરી રહ્યાં હોવ તો, તમે તેમની વેબસાઇટ અથવા સુરક્ષિત પોર્ટલના માધ્યમતી ફંડિંગ માટે અરજી કરી શકો છો. આ ભાગીદારોએ અરજદારોને ગણતરી, માન્યતા અને SBAમાં અરજી સબમિટ કરવાનું સરળ બનાવવા માટે ક્ષમતાઓ વિકસાવી છે. જે અરજદારો અમારા ભાગીદારોના માધ્યમથી તેમની કસ્ટમાઇઝ્ડ પ્રક્રિયાઓ માટે અરજી કરવા તેમનો ઉપયોગ કરી રહ્યાં હોય તેમને SBA પ્રોત્સાહિત કરે છે - આનાથી અરજી તૈયાર કરવામાં અને તેની પ્રક્રિયા કરવામાં સમય બચશે.

દરેક રેસ્ટોરન્ટ ભાગીદાર પાસે અનન્ય પ્રક્રિયા અથવા સહાયક સામગ્રી હોઇ શકે છે જેનો અરજદાર ઉપયોગ કરી શકે છે. SBA આવનારા સપ્તાહોમાં વધારાની ભાગીદારી ઉમેરવા માટે સક્રીયપણે કામ કરે છે. કૃપા કરીને સત્તાવાર ભાગીદારો પાસે અને જાહેરાત બાદ SBA તરફથી વધારાના અપડેટ્સ માટે sba.gov/restaurants જોતા રહો, તમારા પસંદગીના ભાગીદાર દ્વારા તમારી અરજીમાં તમને સહકાર આપવા માટે તેમના સામર્થ્ય વિશે વધુ જાણવા માટે પસંદગીની વેબસાઇટ પર તેમની મુલાકાત લો.

## સીધી SBA દ્વારા અરજી કરો

1. આ દસ્તાવેજમાં રેખાંકિત કરેલા દસ્તાવેજીકરણને એકત્ર કરો
2. જો તમારી પાસે ઇન્ટરનેટનો એક્સેસ હોય અને કોઇ SBAના રેસ્ટોરન્ટ ભાગીદાર મારફતે અરજી ના કરવાના હોવો તો, અરજી પ્લેટફોર્મ એક્સેસ કરવા માટે restaurants.sba.govની મુલાકાત લો
3. એકાઉન્ટ બનાવો
4. અરજીની પ્રશ્નોત્તરી અને પ્રમાણિતતા પૂરી કરો
5. જરૂરી દસ્તાવેજીકરણ અપલોડ કરો
6. અરજી પૂર્ણ થાય એટલે, એપ્લિકેશન પોર્ટલમાં દાખલ કરવામાં આવેલા ઇમેલ પર ડોક્યુસાઇન પેકેજ મોકલવામાં આવશે
7. SBA સમીક્ષા પ્રક્રિયા શરૂ કરવા માટે તાત્કાલિક ડોક્યુસાઇન પેકેજ એક્ઝિક્યુટ કરો
8. SBA તમારી અરજીની સમીક્ષા શરૂ કરશે. જો સંપૂર્ણ અને માન્ય દસ્તાવેજીકરણ હશે તો સમીક્ષામાં અંદાજે 14 દિવસનો સમય લાગશે. અરજદારો અરજીના પોર્ટલ પર તેમની અરજીની સ્થિતિ તપાસી શકે છે.
9. અરજી નિર્ણય માહિતી અથવા વધુ દસ્તાવેજીકરણ માટેની વિનંતી અરજદારના એકાઉન્ટ સાથે સંકળાયેલા ઇમેલ પર મોકલવામાં આવશે.
10. જો માન્યતા મળે તો, એપ્લિકેશનમાં દાખલ કરવામાં આવેલા બેંક એકાઉન્ટમાં આપોઆપ ભંડોળ જમા કરવામાં આવશે

## સીધા SBA દ્વારા ટેલિફોનિક માધ્યમથી અરજી કરો

1. આ દસ્તાવેજમાં રેખાંકિત કરેલા દસ્તાવેજીકરણને એકત્ર કરો
2. (844) 279-8898 પર કૉલ કરો
3. સહાયક એજન્ટ સાથે અરજીની પ્રશ્નોત્તરી અને પ્રમાણિતતા પૂરી કરો

4. પૂર્ણ કરેલી અરજી અને સહી કરેલા દસ્તાવેજ અરજદારને મેઇલ કર્યા છે
5. અરજદારે સંપૂર્ણ અમલમાં મૂકેલી અને નોટરાઇઝ કરેલી અરજી SBAને મેઇલ કરવી આવશ્યક છે (પરત કરવાના સરનામાની સૂચનાઓ મેઇલ કરેલી અરજીમાં સામેલ છે)
6. SBA તમારી અરજીની સમીક્ષા શરૂ કરશે. જો સંપૂર્ણ અને માન્ય દસ્તાવેજીકરણ હશે તો સમીક્ષામાં અંદાજે 14 દિવસનો સમય લાગશે.
7. અરજી નિર્ણય માહિતી અથવા વધુ દસ્તાવેજીકરણ માટેની વિનંતી અરજદારના એકાઉન્ટ સાથે સંકળાયેલા ઇમેલ પર મોકલવામાં આવશે અથવા જો ઇમેલ ઉપલબ્ધ ના હોય તો મેઇલ કરવામાં આવશે
8. જો માન્યતા મળે તો, એપ્લિકેશનમાં દાખલ કરવામાં આવેલા બેંક એકાઉન્ટમાં આપોઆપ ભંડોળ જમા કરવામાં આવશે

## ભંડોળ પ્રાપ્ત કરવા

રેસ્ટોરન્ટ પુનરુદ્ધાર ભંડોળના ભાગરૂપે, SBA સીધા જ અરજદારના ઓપરેટિંગ એકાઉન્ટમાં રકમની ચુકવણી કરશે.

- તમારી સુરક્ષા માટે, SBAને અરજદારના કોમર્શિયલ વ્યવસાય એકાઉન્ટમાં ચુકવણી કરવી જરૂરી છે. SBA ઓટોમેટિક લિન્કિંગ સેવાનો ઉપયોગ કરવાથી આ પ્રક્રિયા ઝડપી થશે.
- જો કોમર્શિયલ એકાઉન્ટ વગર એકમાત્ર માલિકી દ્વારા સંચાલન થતું હોય તો તેવા કિસ્સામાં, SBAને આ એકાઉન્ટ રેસ્ટોરન્ટ કામગીરીઓ માટે ઉપયોગમાં લેવામાં આવે છે અને તે એકમાત્ર માલિકની માલિકી હેઠળ છે તેમ દર્શાવવા માટે સહાયક દસ્તાવેજીકરણની જરૂર પડશે. મર્યાદિત (3 મહિનાથી ઓછા) ઇતિહાસ અથવા અરજદાર સાથે બિનસંબંધિત માલિકી સાથેના એકાઉન્ટ્સને SBA ભંડોળ આપવાનું માન્ય કરશે નહીં. SBA પ્લેટફોર્મ તમારી અરજીની પ્રક્રિયાના ભાગરૂપે આ નિયંત્રણોને મજબૂત કરશે.
- ચુકવણીના આ નિયમોને અનુરૂપ થવામાં નિષ્ફળતાના પગલે અરજદારને ભંડોળ મળવામાં વિલંબ થશે.

## રેસ્ટોરન્ટ પુનરુદ્ધાર અરજી ભરવામાં મદદ મેળવો

સમગ્ર પ્રક્રિયામાં સહાયક અરજદારોને મદદ કરવા માટે, SBA કૉલ સેન્ટર હોટલાઇન અને SBAના જિલ્લા ઓફિસોના નેટવર્ક દ્વારા સહકાર આપશે. વધુમાં, જે અરજદારોને મદદની જરૂર હોય અથવા ડિજિટલ ઉપકરણોનો મર્યાદિત એક્સેસ ધરાવતા હોય તેઓ ટેલિફોનિક રીતે અરજી કરી શકશે.

- કૉલ સેન્ટર હોટલાઇન (844-279-8898)
  - અરજદારો બહુવિધ અરજી માટે અથવા પ્રોગ્રામ સહાયતા માટે આ નંબર પર કૉલ કરી શકે છે
- જિલ્લા ઓફિસો

અરજદારો જરૂરિયાત અનુસાર પ્રાદેશિક SBA સહકાર માટે સ્થાનિક જિલ્લા ઓફિસો પર જઇ શકે છે. તમારી સ્થાનિક જિલ્લા ઓફિસ શોધવા માટે, કૃપા કરીને www.sba.gov/local-assistanceની મુલાકાત લો.

## એપ્લિકેશન માહિતી

**અરજદાર:** અરજદાર મતલબ રેસ્ટોરન્ટ પુનરુદ્ધાર ફંડિંગ માટે અરજી કરનાર એકમ.

એક જ EIN હેઠળ બહુવિધ સ્થળોએ આવેલી રેસ્ટોન્ટે એક જ અરજીમાં તમામ સ્થળો માટે અરજી કરવી આવશ્યક છે. અરજદારો આનુષંગિકો અથવા પેટાએકમો જેવા અન્ય એકમો વતી અરજી કરી શકે નહીં.

<u>ઉદાહરણ 1:</u> ABC કંપની ત્રણ રેસ્ટોરન્ટની માલિકી ધરાવે છે જે દરેક પાસે પોતાનો EIN છે અને દરેક તેમનું પોતાનું ફેડરલ ઇન્કમ ટેક્સ રિટર્ન ભરે છે. દરેક ABCની રેસ્ટોરન્ટ અવશ્યપણે તેમની પોતાની અલગ રેસ્ટોરન્ટ પુનરુદ્ધાર ફંડિંગ અરજી ફાઇલ કરે,

<u>ઉદાહરણ 2:</u> XYZ કંપની ત્રણ રેસ્ટોરન્ટની માલિકી ધરાવે છે. ત્રણમાંથી એકપણ રેસ્ટોરન્ટ તેમના પોતાના EIN અંતર્ગત અલગથી સંચાલિત થતી નથી અને XYZ કંપની જે ફેડરલ ઇન્કમ ટેક્સ રિટર્ન ફાઇલ કરે છે તેમાં તમામ ત્રણેય રેસ્ટોરન્ટની કુલ આવક અને ખર્ચ સામેલ છે. XYZ કંપનીએ એવી જ અરજી ફાઇલ કરવી જરૂરી છે જેમાં તમામ ત્રણ રેસ્ટોરન્ટ્સ માટેનું ફંડિંગ સામેલ હોય. XYZ કંપનીમાંથી કોઇપણ રેસ્ટોરન્ટ તેની પોતાની અલગ અરજી ફાઇલ ના કરી શકે.

<u>ઉદાહરણ 3:</u> HIJ કંપની સમાન EIN હેઠળ ત્રણ રેસ્ટોરન્ટ્સની માલિકી ધરાવે છે. HIJની શરૂઆત સ્થળ 1 પર 2015માં, સ્થળ 2 પર જુલાઇ 2019માં અને સ્થળ 3 પર જૂન 2020માં થઇ હતી. અરજી HIJ

કંપનીને અલગ અલગ ગણતરીઓનો ઉપયોગ કરીને દરેક સ્થાન માટે સંભવિત ભંડોળની ગણતરી કરવાની અને કુલ સંભવિક ફંડિંગની રકમમાં તે રકમને રોલ કરવાની મંજૂરી આપશે.

**ટેક્સ આઇડેન્ટિફિકેશન નંબર (TIN):** અરજદારે અરજદાર વ્યવસાયનો અને 20% અથવા વધારે હિસ્સો ધરાવતા માલિકોનો (TIN) આપવો આવશ્યક છે. TIN આંતરિક રેવેન્યૂ સેવા દ્વારા ફાળવવામાં આવેલ એમ્પ્લોયર ઓળખ નંબરો, સામાજિક સુરક્ષા નંબરો અથવા વ્યક્તિગત કરદારા ઓળખ નંબરો હોઇ શકે છે. જ્યાં સુધી તમામ 20% અથવા માલિકોને અરજીમાં સૂચિબદ્ધ કરેલા હોય ત્યાં સુધી, જાણ કરવામાં આવેલી 20% અથવા તેથી વધુ માહિતીની હિસ્સેદારી તમામ બાકી હિસ્સામાં 100% સુધી ઉમેરવાની નથી. જો અરજદારની ઓછામાં ઓછી 20% માલિકી ધરાવતા કોઇ માલિક ન હોય, તો તમારે પૂરતા માલિકોની યાદી આપવી આવશ્યક છે જેઓનો સંયુક્ત હિસ્સો અરજદારની ઓછામાં ઓછી 20% માલિકી રજૂ કરતો હોય.

નીચે સૂચિબદ્ધ કરવામાં આવેલા તમામ પક્ષોને અરજદારના માલિકો તરીકે ગણવામાં આવે છે:

- એકમાત્ર માલિકી માટે, એકમાત્ર માલિક;
- ભાગીદારી માટે, તમામ સામાન્ય ભાગીદારો અને તમામ મર્યાદિત ભાગીદારો
- કૉર્પોરેશન માટે, કૉર્પોરેશનના તમામ માલિકો;
- મર્યાદિત જવાબદારી કંપનીઓ માટે, કંપનીની માલિકી ધરાવતા તમામ સભ્યો; અને
- કોઇપણ ટ્રસ્ટર (જો અરજદાર ટ્રસ્ટની માલિકીનો હોય તો) જો અરજદાર કર્મચારી વગરના એકમાત્ર માલિક હોય તો, અરજદારે માલિકના સામાજિક સુરક્ષા નંબર (SSN) અથવા IRS દ્વારા વ્યક્તિને ફાળવવામાં આવેલા વ્યક્તિગત કરદાતા ઓળખ નંબર (ITIN) અથવા એકમને IRS દ્વારા ફાળવવામાં આવેલા એકમ નોકરીદાતા ઓળખ નંબર (EIN)નો ઉપયોગ કરીને અરજી કરવી આવશ્યક છે. કર્મચારી સાથેના એકમાત્ર માલિક સહિત અન્ય તમામ અરજદારોએ IRS દ્વારા એકમને ફાળવવામાં આવેલો એકમનો EIN આપવો આવશ્યક છે. જો કર્મચારી વગરના એકમાત્ર માલિક પાસે SSN, ITIN અથવા EIN ના હોય અથવા જો કોઇ અન્ય એકમ પાસે EIN ના હોય તો, અરજદાર લાયકાત ધરાવતા નથી. નોંધ: IRSને કર્મચારીઓ સાથેના સ્વ-રોજગાર વ્યક્તિઓ પાસે EIN હોવો જરૂરી છે. IRSની વેબસાઇટ દર્શાવે છે કે, તમે EIN માટે ઑનલાઇન અરજી કરી શકો છો અને "આંતરિક રેવેન્યૂ સેવા દ્વારા આપવામાં આવતી આ મફત સેવા છે અને તમે તાત્કાલિક તમારો EIN મેળવી શકો છો."

**માલિકો:** અરજદારોએ અરજી પર 20% અથવા વધારે વ્યવસાયના તમામ માલિકોની સૂચિ આપવી આવશ્યક છે. દરેક માલિકની સૂચિમાં માલિકનો નોકરીદાતા ઓળખ નંબર (EIN), સામાજિક સુરક્ષા નંબર (SSN) અથવા વ્યક્ગિત કરદાતા ઓળખ નંબર (ITIN) સામેલ હોવો આવશ્યક છે. જો વ્યવસાયના 20% અથવા વધારે હિસ્સાના માલિક પાસે SSN અથવા ITIN ના હોય તો, તે વ્યવસાય લાયક નથી.

## અલગ રાખેલ

સૌથી નાના વ્યવસાયો અને વંચિત સમુદાયોમાં હોય તેમને ફંડિંગ એવોર્ડ્સ મળે તે સુનિશ્ચિત કરવા માટે, SBA દ્વારા અલગ ભંડોળ રાખવામાં આવ્યું છે જે માત્ર ચોક્કસ અરજદારો માટે જ ઉપલબ્ધ છે.

1. 2019માં મહત્તમ $500,000ની કુલ આવક સાથેના અરજદારો માટે $5 બિલિયન અલગ રાખવામાં આવ્યા છે.

2. 2019માં $500,001 થી $1,500,000 સુધીની કુલ આવક સાથેના અરજદારો માટે વધારાના $4 બિલિયન અલગ રાખવામાં આવ્યા છે.

3. 2019માં મહત્તમ $50,000ની કુલ આવક સાથેના અરજદારો માટે વધારાના $500 બિલિયન અલગ રાખવામાં આવ્યા છે.

## ભંડોળ આપવામાં પ્રાધાન્યતા

SBA દ્વારા ભંડોળની ફાળવણી કરવામાં સ્ત્રીઓ, વેટેરન્સ, અને/અથવા સામાજિક અને આર્થિક રીતે વંચિત વ્યક્તિઓની ઓછામાં ઓછી 51 ટકા માલિકીમાં અથવા નિયંત્રણમાં હોય તેવી નાની બિઝનેસ સંસ્થાઓને પ્રાથમિકતા આપવામાં આવશે આ કેટેગરીઓમાંથી કોઇ એકમાં રહેલા એવા અરજદારો કે જેઓ નાદારીના પ્રકરણ 11, 12, અથવા 13 હેઠળ પુનઃસંસ્થાપનનાં માન્ય પ્લાન હેઠળ કામગીરી કરતા હોય અને દૈનિક નિયંત્રણ કરતા ટ્રસ્ટી ધરાવતા *ન* હોય તેઓ આ પ્રોગ્રામ અંતર્ગત ભંડોળ માટે લાયકાત ધરાવે છે.

અરજદારોએ અરજી પર સ્વ-પ્રમાણિત કરવું આવશ્યક છે કે, તેઓ પરિશિષ્ટમાં વ્યાખ્યાયિત કર્યા અનુસાર- મહિલા માલિકીના નાના વ્યવસાયની બાબત, વેટેરનની માલિકીના નાના વ્યવસાયની બાબત અથવા સામાજિક અને આર્થિક વંચિત વ્યક્તિઓની માલિકીના નાના વ્યવસાયની બાબતને પૂર્ણ કરે છે. વ્યાખ્યાઓ

જો અરજદાર નાનો વ્યવસાય ધરાવતા હોય કે જેમાં ઓછામાં ઓછી 51 ટકા માલિકી એક અથવા વધારે મહિલા, વેટેરન અથવા સામાજિક અને આર્થિક વંચિતની હોય અને જો અરજદારના મેનેજમેન્ટ અને દૈનિક વ્યવસાયનું સંચાલન એક અથવા વધારે મહિલા, વેટેરન અથવા સામાજિક અને આર્થિક વંચિત વ્યક્તિ દ્વારા નિયંત્રિત થતું હોય તો, SBA ભંડોળ આપવાની લાયકાત માટે આવા અરજદારોને પ્રાથમિક ધોરણે ધ્યાનમાં લેશે.

<u>ઉદાહરણ તરીકે:</u> એક અરજદાર પાંચ માલિકો ધરાવે છે જે દરેક 20 ટકા હિસ્સાના માલિક છે. બે માલિકો વેટેરન છે અને એક માલિક સામાજિક અને આર્થિક રીતે વંચિત વ્યક્તિ છે. SBA અરજદારની ઓછામાં ઓછી 51 ટકા માલિકી પ્રાથમિકતા સમૂહની છે તે જરૂરિયાતને પૂર્ણ કરવા માટે આ અરજદારને ધ્યાનમાં લેશે.

જો વ્યક્તિ એક કરતાં વધારે પ્રાથમિકતા સમૂહની શ્રેણી પૂર્ણ કરતા હોય તો, તે વ્યક્તિને માત્ર એકવાર ગણતરીમાં લેવામાં આવશે.

<u>ઉદાહરણ તરીકે:</u> એક અરજદાર પાંચ માલિકો ધરાવે છે જે દરેક 20 ટકા હિસ્સાના માલિક છે. તેમાંથી એક મહિલા વેટેરન છે જેઓ સામાજિક અને આર્થિક વંચિત વ્યક્તિ છે; જોકે, બાકીના ચારમાંથી કોઇપણ માલિક મહિલા, વેટેરન અથવા સામાજિક અને આર્થિક વંચિત વ્યક્તિ નથી. આ અરજદાર પ્રાથમિકતા સમૂહ અરજદાર તરીકે અરજી દાખલ કરવા માટે લાયક નથી. જોકે, આ અરજદાર હજુ પણ બિન-પ્રાથમિકતા અરજદાર તરીકે અરજી કરવા માટે લાયક છે.

## ભંડોળ આપવાના શેડ્યૂલમાં પ્રાધાન્યતા

<u>**દિવસ 1 -21:**</u> SBA તમામ લાયક અરજદારો પાસેથી અરજી ફોર્મ સ્વીકારશે. આ સમયગાળા દરમિયાન, SBA માત્ર માન્યતા પ્રાપ્ત અરજીઓને ભંડોળનું વિતરણ કરશે જ્યાં અરજદારે સ્વ-પ્રમાણિત કર્યું હોય કે, તેઓ મહિલા, વેટેરન અથવા સામાજિક અને આર્થિક રીતે વંચિત વ્યક્તિની માલિકી ધરાવતા નાના વ્યવસાય સંબંધિત બાબતની લાયકાત જરૂરિયાતો પૂર્ણ કરે છે.

<u>**દિવસ 22 - પ્રોગ્રામ પૂર્ણ થાય ત્યાં સુધી:**</u> SBA તમામ લાયક અરજદારો પાસેથી અરજીઓ સ્વીકારશે અને SBA દ્વારા અરજીઓને માન્યતા આપવામાં આવી હોય તે ક્રમમાં ભંડોળનું વિતરણ કરશે.

# જરૂરી દસ્તાવેજીકરણ

જાન્યુઆરી 1, 2019 પર અથવા પહેલાં કામગીરીમાં હતા તેવા અરજદારોએ 2019 ***અને*** 2020 માટેનાં એકંદર આવકના દસ્તાવેજો અરજી વખતે પૂરાં પાડવા આવશ્યક છે;

2019 માં આંશિક કામગીરીઓ શરૂ કરી હતી અને ગણતરી 2નો ઉપયોગ કરતા હોય તેવા અરજદારોએ 2019 ***અને*** 2020ના કુલ આવકના દસ્તાવેજો અરજી વખતે પૂરાં પાડવા આવશ્યક છે; 2019 માં આંશિક કામગીરીઓ શરૂ કરી હતી અને ગણતરી 3નો ઉપયોગ કરતા હોય તેવા અરજદારોએ 2020ના કુલ આવકના દસ્તાવેજો પૂરાં પાડવા આવશ્યક છે.

જાન્યુઆરી 1, 2020 પર અથવા તે દિવસથી શરૂ કરીને માર્ચ 10, 2021ના રોજ સમાપ્ત થતા સમયની વચ્ચે કામગીરી શરૂ કરી હતી તેવા અરજદારો અને જેમણે માર્ચ 11, 2021 સુધીમાં હજુ વ્યવસાય ખોલ્યા નથી, પરંતુ લાયક ખર્ચાઓ વેઠ્યા છે તેવા અરજદારોએ, કુલ આવકના દસ્તાવેજો અને કામગીરીના સંપૂર્ણ સમયગાળા દરમિયાન કરેલા કુલ લાયક ખર્ચના દસ્તાવેજો અરજી વખતે પૂરાં પાડવા આવશ્યક છે.

**(1) તમામ અરજદારો માટે, નીચે દર્શાવેલ દસ્તાવેજીકરણ જરૂરી છે:**

- અરજી: SBA ફોર્મ 3172, પૂર્ણ કરેલ, શરૂ કરેલ અને સહી કરેલ. SBA પ્લેટફોર્મ પર ડિજિટલી આ ફોર્મ પૂર્ણ કરવાથી આ આવશ્યકતા પૂર્ણ થશે.
- ટેક્સ માહિતીની ચકાસણી: IRS ફોર્મ 4506-T, અરજદાર દ્વારા પૂર્ણ કરેલ અને સહી કરેલ. SBA પ્લેટફોર્મ પર ડિજિટલી આ ફોર્મ પૂર્ણ કરવાથી આ આવશ્યકતા પૂર્ણ થશે.
- કુલ આવકના દસ્તાવેજ: **કુલ આવક અને જો લાગું પડતું હોય તો લાયક ખર્ચાઓ દર્શાવતો નીચેનામાંથી કોઇપણ દસ્તાવેજ:**
    - બિઝનેસ ટેક્સ રિટર્ન્સ (IRS ફોર્મ 1120 અથવા IRS ફોર્મ 1120-S);
    - IRS ફોર્મ 1040 શેડ્યૂલ C; IRS ફોર્મ 1040 શેડ્યૂલ F;
    - ભાગીદારી માટે: ભાગીદારી IRS ફોર્મ 1065 (K-1s સહિત);
    - બેંકનાં સ્ટેટમેન્ટ્સ;
    - બાહ્ય અથવા આંતરીક રીતે તૈયાર કરેલ ફાયનાન્શિયલ સ્ટેટમેન્ટ્સ જેવા કે આવકનાં સ્ટેટમેન્ટ્સ અથવા નફા અને ખોટનાં સ્ટેટમેન્ટ્સ;
    - પોઇન્ટ ઑફ સેલ રીપોર્ટ(સ), IRS ફોર્મ 1099-K સહિત.

(2) એવા અરજદારો માટે જેઓ બ્રૂપબ, ટેસ્ટિંગ રૂમ, ટેપરૂમ, બ્રૂઅરી, વાઇનરી, ડિસ્ટિલરી, અથવા બેકરી હોય: ઉપર (1) માં આપેલા દસ્તાવેજો ઉપરાંત, એવા દસ્તાવેજો જેમાં 2019માં કુલ આવકમાં 33% હિસ્સો જાહેર જનતાને સ્થળ પર વેચાણથી હોવાનો પુરાવો આપતા હોય. આમાં ફાઇલ કરેલા 2019 ટેક્સ અને ટ્રેડ બ્યૂરો (TTB) ફોર્મ્સ, ફાઇલ કરેલા રાજ્ય અથવા સ્થાનિક સરકારના ફોર્મ્સ અથવા ઇન્વેન્ટરી મેનેજમેન્ટ, સેલ્સ રિપોર્ટિંગ અથવા એકાઉન્ટિંગ સોફ્ટવેર દ્વારા આંતરિક રીતે તૈયાર કરવામાં આવેલા રિપોર્ટ્સ સામેલ છે.

(3) ઇન હોય તેવા અરજદારો માટે: ઉપર (1) માં આપેલા દસ્તાવેજો ઉપરાંત, એવા દસ્તાવેજો જેમાં 2019માં કુલ આવકમાં 33% હિસ્સો ખોરાક અને પીણાઓનું જાહેર જનતાને સ્થળ પર વેચાણથી હોવાનો પુરાવો આપતા હોય. આમાં, આંતરિક રીતે તૈયાર કરેલા રેવેન્યૂ રિપોર્ટ્સ અથવા એકાઉન્ટિંગ રિપોર્ટ્સ સામેલ થઇ શકે છે.

# પરિશિષ્ટ: ટૂંકા નામ અને સંક્ષેપો

**ARPA:** અમેરિકન રેસ્ક્યૂ પ્લાન એક્ટ

ફંડ: રેસ્ટોરન્ટ પુનરુદ્ધાર ફંડિંગ પ્રોગ્રામ

**EIN: નોકરીદાતા ઓળખ નંબરો:** માહિતી; વિનામૂલ્યે અરજી કરો

**IRS:** આંતરિક રેવેન્યૂ સેવા

**ITIN:** વ્યક્તિગત કરદાતા ઓળખ નંબર

**POS:** પોઇન્ટ-ઓફ-સેલ વેન્ડર્સ, SBAના રેસ્ટોરન્ટ ભાગીદારો

**SBA:** U.S. સ્મૉલ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન

**SSN:** સામાજિક સુરક્ષા નંબર

**TIN:** ટેક્સ ઓળખ નંબર

# <u>પરિશિષ્ટ: વ્યાખ્યાઓ</u>

**આનુષંગિક:** “આનુષંગિક વ્યવસાય” જેવી જ વ્યાખ્યા છે

આનુષંગિક વ્યવસાય: આનુષંગિક બિઝનેસ અથવા આનુષંગિક એ એક વ્યવસાય છે જેમાં પાત્ર સંસ્થાનો ઇક્વિટી ઉદ્દેશ્ય અથવા 50 ટકાથી ઓછા નફાના વિતરણનો અધિકાર હોય છે, અથવા જેમાં કોઈ લાયક સંસ્થાને બિઝનેસની દિશાને નિયંત્રિત કરવાની કરારની સત્તા હોય છે, એવી શરતે કે આવા જોડાણ 13 માર્ચ, 2020 સુધી અસ્તિત્વમાંની કોઈપણ વ્યવસ્થા અથવા કરાર મુજબ નિર્ધારિત કરવામાં આવે.

આવરીત સમયગાળો: ફેબ્રુઆરી 15, 2020થી શરૂ થઇને માર્ચ 11, 2023ના રોજ પૂરો થતો સમયગાળો. જો વ્યવસાય કાયમી ધોરણે બંધ થાય છે, તો આવરીત સમયગાળો વ્યવસાય કાયમી રીતે બંધ થાય ત્યારે અથવા માર્ચ 11, 2023, તેમાંથી જે વહેલા થાય ત્યારે સમાપ્ત થશે. આવરીત સમયગાળાની સમાપ્તિ સુધીમાં પ્રાપ્ત થયેલ તમામ ભંડોળનો લાયક ખર્ચાઓ પર ઉપયોગ કરવા અસક્ષમ પ્રાપ્તકર્તાઓએ વપરાયા વગરનાં ભંડોળને ટ્રેઝરીને પરત કરવું અનિવાર્ય છે.

**કુલ આવકો:** કુલ આવકમાં સામાન્ય રીતે કોઇપણ સ્વરૂપમાં પ્રાપ્ત થયેલ અથવા કોઇપણ સ્ત્રોતમાં ભોગવેલ તમામ રેવેન્યુ (સંસ્થાની એકાઉન્ટિંગ પદ્ધતિ અનુસાર, દા.ત. વાસ્તવિક અથવા રોકડ) સમાવિષ્ટ થાય છે, જેમાં ઉત્પાદનોનાં વેચાણો અથવા સેવાઓ, વ્યાજ, ડિવિડન્ડ, ભાડાઓ, રોયલ્ટીઓ, ફી અથવા કમિશનોમાંથી રીટર્ન્સ અને ભથ્થા બાદ કરતા વધેલાનો સમાવેશ થાય છે નેટ મૂડીની આવક અને ખર્ચાઓને બાકાત રાખવામાં આવે છે. આ શબ્દપ્રયોગો IRS કરવેરા રીટર્ન ફોર્મ્સ પર વપરાતી અને રીપોર્ટ કરાતી વ્યાખ્યાઓનું વહન કરે છે.

કુલ આવકની ગણતરી કરવા માટે જરૂરી રકમો સંસ્થાનાં કરવેરા રીટર્ન અનુસાર બદલાય છે:

- સ્વ-રોજગાર વ્યક્તિઓ માટે (IRS ફોર્મ 1040 શેડ્યૂલ C): લાઇન 3 (જો તમે સમાન ફોર્મ 1040 પર બહુવિધ શેડ્યૂલ C ફાઇલ કરો તો, તમારે તે તમામનો કુલ સરવાળો કરવો આવશ્યક છે)
- ભાગીદારી માટે (IRS ફોર્મ 1065): લાઇન 1c
- S-કોર્પોરેશનો માટે (IRS ફોર્મ 1120-S): લાઇન 1c
- C-કોર્પોરેશનો માટે (IRS ફોર્મ 1120): લાઇન 1c
- LLCs: ઉપરનામાંથી એકનો ઉપયોગ કરો
- B કોર્પોરેશનો: IRS ફોર્મ 1120 અથવા 1120S માંથી લાઇન 1cનો ઉપયોગ કરો

જો કોઈ અરજદારની કુલ આવકમાં નીચેનામાંથી કોઈનો સમાવેશ થાય છે, તો નીચેની સાથે સંકળાયેલ રકમ કુલ આવકમાંથી બાદ કરવી જોઈએ:

- પેચેક પ્રોટેક્શન પ્રોગ્રામ (PPP) લોન (ફર્સ્ટ ડ્રો PPP લોન અથવા સેકન્ડ ડ્રો PPP લોન);
- SBA સેક્શન 1112 ચુકવણીઓ;
- SBA ઇકોનોમિક ઇન્જરી ડિઝાસ્ટર લોન (EIDL) લોન, EIDL એડવાન્સ, લક્ષિત EIDL એડવાન્સ;
- કોઇપણ રાજ્ય અને સ્થાનિક નાના વ્યવસાયનાં અનુદાન (CARES કાયદો અથવા અન્યથા મારફતે);
- કરવેરા ઓથોરિટી માટે એકત્રિત અને તેમાં જમા કરાવેલા કરવેરાઓ જો એકંદર અથવા કુલ આવકમાં સામેલ કર્યા હોય, જેમ કે ગ્રાહકો પાસેથી એકત્રિત કરેલ સેલ્સ અથવા અન્ય કરવેરાઓ (આમાં સંબંધિત અથવા તેનાં કર્મચારીઓ પર વસૂલવામાં આવતા કરવેરાઓનો સમાવેશ થતો નથી);
- સંબંધિત અને તેનાં સ્થાનિક અથવા વિદેશી આનુષંગિકો વચ્ચેનાં વ્યવહારોમાંથી થતી આવકો; અને
- ટ્રાવેલ એજન્ટ, રીએલ એસ્ટેટ એજન્ટ, એડવર્ટાઇઝિંગ એજન્ટ, કોન્ફરન્સ મેનેજમેન્ટ સર્વિસ પ્રદાતા, ફ્રેઇટ ફોર્વર્ડર અથવા કસ્ટમ્સ બ્રોકર દ્વારા અન્ય માટે એકત્રિત કરવામાં આવતી રકમો.

તમામ અન્ય વસ્તુઓ, જેવીકે પેટાઠેકેદારનાં ખર્ચાઓ, ગ્રાહકની વિનંતી પર ઠેકેદાર કરે છે તે ખરીદીઓનાં વળતરો, રોકાણ આવક, અને કર્મચારી-આધારિત ખર્ચાઓ જેવા કે પેરોલ કરવેરાઓને એકંદર રસિદોમાંથી બાકાત રાખવામાં ન આવી શકે.

**સ્થાન:** નીચેના ભૌતિક સ્થાનની જેમ જ.

**સ્થળ પર વેચાણ:** જે અરજદારની મંજૂરી પર લેવામાં આવ્યાં હતાં, જે આગળ વધવા માટે અરજદારની મંજૂરી પર ખરીદવામાં આવ્યાં હતાં, જે ઑનલાઇન ખરીદવામાં આવ્યા હતા અને અરજદારની મંજૂરી પર લેવામાં આવ્યા હતા અથવા સીધા જ વપરાશકારના ઉપયોગ માટે પહોંચાડવામાં આવ્યા હતા તેવા ખાદ્યપદાર્થો અને/અથવા પીણાનું વેચાણ. આવું વેચાણ ફક્ત ગ્રાહકો માટે જ હોવું જોઈએ અને કોઈ જથ્થાબંધ વેચાણ 33% આવક સંખ્યા પર ગણી શકાય નહીં.

**પેરોલ ખર્ચાઓ:**

**પેરોલ ખર્ચાઓમાં સામેલ છે:**

- કર્મચારીઓને પગાર, વેતન, કમિશન અથવા સમાન વળતરના રૂપમાં વળતર (જેનું નિવાસસ્થાનનું મુખ્ય સ્થળ યુનાઇટેડ સ્ટેટ્સ છે); રોકડ ટીપ્સ અથવા સમકક્ષ (ભૂતકાળની ટીપ્સના નોકરીદાતાના રેકોર્ડ્સના આધારે અથવા આવા રેકોર્ડ્સની ગેરહાજરીમાં આવી ટીપ્સ માટે નોકરીદાતા દ્વારા વ્યવહારુ, યોગ્ય ભરોસાપાત્ર અનુમાન);
- વેકેશન, પેરેન્ટલ, પરિવાર, મેડિકલ અથવા બીમારીની રજા માટેની ચુકવણી;
- અલગ થવા અથવા બરતરફ કરવા માટેનું ભથ્થું
- જૂથ આરોગ્ય સંભાળ અથવા જૂથ લાઇફ, અપંગતા, દ્રષ્ટિ અથવા દાંતનાં વીમા અને નિવૃત્તિ લાભો સમાવતા કર્મચારીઓના લાભો (વીમા પ્રીમિયમો સહિત)ની જોગવાઇ માટે ચુકવણી;
- કર્મચારીઓનાં વળતર પર આકારણી કરવામાં આવેલા સ્ટેટ અને સ્થાનિક કરવેરાઓની ચૂકવણી; અને
- સ્વતંત્ર ઠેકેદાર અથવા એકમાત્ર માલિક માટે, વેતન, કમિશન, આવક અથવા સ્વ-રોજગારીમાંથી ચોખ્ખી આવક અથવા સમકક્ષ વળતર.

**પેરોલ ખર્ચમાં આટલું શામેલ નથી:**

- સ્વતંત્ર ઠેકેદારને કરેલી ચુકવણી (ભલે આ ચુકવણીઓ સંચાલન ખર્ચ જેવી લાયક ભંડોળના ઉપયોગ માટેની અન્ય શ્રેણીઓ હેઠળ લાયક હોય તેમ છતાં);
- કોઇપણ માલિક અથવા વ્યક્તિનું વાર્ષિક ધોરણે $100,000 થી વધુ વળતર, જે જણાવેલા સમયગાળા દરમિયાન ચુકવવામાં આવે છે અથવા ચુકવણીઓ કરવા માટે જે દેવા ખર્ચવામાં આવે છે;
- લાગુ કરવામાં આવેલો અથવા લાગુ થવાપાત્ર સમય દરમિયાન માન્ય રાખવામાં આવેલો ફેડરલ રોજગારી કર, જેમાં કર્મચારી અને નોકરીદાતાનો FICA (ફેડરલ ઇન્શ્યોરન્સ યોગદાન કાયદો)નો હિસ્સો અને રેલબોર્ડ નિવૃત્તિ કાયદો કર અને કર્મચારી પાસેથી રોકી રાખવો જરૂરી આવકવેરા કર સામેલ છે;

- કલમ 2301 હેઠળ માન્ય ક્રેડિટ નક્કી કરવા માટે ધ્યાનમાં લીધેલ લાયક વેતન (જે (a) 100 થી વધુ કુલટાઇમ કર્મચારીઓ સાથેના નોકરીદાતાઓ કે જેઓ 2020માં કાર્યરત હતા પરંતુ યોગ્ય સરકારી અધિકારીઓ દ્વારા મુકાયેલા કોવિડ-19 પ્રતિબંધોને કારણે કોઈપણ ત્રિમાસિક ગાળામાં આંશિક અથવા સંપૂર્ણ પ્રવૃત્તિઓ સ્થગિત કરવી પડી હતી.; અથવા (b) 100 અથવા ઓછા કુલટાઇમ કર્મચારીઓ સાથેના નોકરીદાતાઓ કે જેઓ 2020માં કાર્યરત હતા પરંતુ યોગ્ય સરકારી અધિકારીઓ દ્વારા મુકાયેલા કોવિડ-19 પ્રતિબંધોને કારણે કોઈપણ ત્રિમાસિક ગાળામાં આંશિક અથવા સંપૂર્ણ પ્રવૃત્તિઓ સ્થગિત કરવી પડી હતી તેમણે ચુકવેલા વેતન અથવા આવા નોકરીદાતાએ ડિસેમ્બર 31, 2019થી શરૂ થતા પ્રથમ ત્રિમાસિક ગાળા દરમિયાન ચુકવેલા વેતન કે જેના માટેની કુલ આવક અગાઉના કૅલેન્ડર વર્ષ અને અગાઉના વર્ષમાં કેલેન્ડર ત્રિમાસિક ગાળાની કુલ આવક કરતાં 50% કરતાં ઓછી કુલ આવક થઇ હોય તેવા કેલેન્ડર ત્રિમાસિક ગાળા પછી શરૂ થતા પ્રથમ કેલેન્ડર ત્રિમાસિક ગાળાના બાદ આવતા કેલેન્ડર ત્રિમાસિક ગાળા સાથે પૂરાં થતા સમાન સમયગાળા દરમિયાન થયેલી કુલ આવકની સરખામણીએ 50%થી ઓછી હોય અને તેના પરિણામે અગાઉના વર્ષમાં સમાન ત્રિમાસિક ગાળા માટે ખચેલી કુલ આવકના 80% કરતાં વધારે હોય તે તરીકે વ્યાખ્યાયિત કરે છે); અને
- માન્ય ક્રેડિટ નક્કી કરવા માટે ધ્યાનમાં લેવામાં આવેલા COBRA કન્ટિન્યુએશન કવરેજ (1986 ના આંતરિક રેવેન્યૂ કોડની કલમ 6432 મુજબ) સંબંધિત પ્રીમિયમ.

**ભૌતિક સ્થાન:** (“સ્થાન” પણ) દરેક સ્થાન જ્યાંથી અરજદાર કાયમી સંરચનાથી વેચાણ કરે છે. જો અરજદાર બહુવિધ કાયમી સ્થાનથી વેચાણ કરે છે, તો દરેક સરનામું અલગ સ્થાન છે. કેટરર અથવા બહુવિધ ખાદ્યપદાર્થ સ્ટેન્ડ, ટ્રક અથવા કાર્ય સાથેના એકલ વ્યવસાય માટે, ભૌતિક સ્થાન એ છે જ્યાં વ્યવસાયનું વડુમથક છે (જેમકે, એક કાયમી માળખા અને પાંચ ખાદ્યપદાર્થો સાથેની ટ્રક સાથેના વ્યવસાયનું એક સ્થાન રહેશે; કેટરર પાસે એક સ્થાન રહેશે).

જાહેરમાં વેપાર કરતી કંપની**:** જે ઇશ્યૂઅર સંસ્થાની મોટાભાગની માલિકી અથવા નિયંત્રણ હેઠળ હોય તેવી સંસ્થા, જેની સિક્યુરિટીઝ નેશનલ સ્ટોક એક્સચેંજ પર સિક્યુરિટીઝ એક્સચેંજ એક્ટ 1934 કલમ 6 (15 U.S.C. 78f) હેઠળ સૂચિબદ્ધ હોય.

**વેટેરન્સ દ્વારા માલિકી અને નિયંત્રણ ધરાવતા નાના વ્યવસાયની બાબત:** (15 USC 632(q)(3)) વ્યાવસાયિક બાબત (નફા માટેનું વ્યાવસાયિક એકમ જેના વ્યવસાયનું સ્થળ યુનાઇટેડ સ્ટેટ્સમાં હોય અને પ્રાથમિકરૂપે જેનું સંચાલન યુનાઇટેડ સ્ટેટ્સમાં થતું હોય) અને 13 CFR § 121.201 પર SBAના કદ ધોરણો સાથે અનુરૂપ નાના તરીકે ધ્યાનમાં લેવામાં આવે; અને

- જેનો ઓછામાં ઓછો 51 ટકા હિસ્સો એક અથવા વધારે વેટેરન્સની માલિકીનો હોય; અને
- જેના મેનેજમેન્ટ અને દૈનિક વ્યાવસાયિક કામગીરીઓનું સંચાલન એક અથવા વધારે વેટેરન દ્વારા થતું હોય.

**મહિલાઓ દ્વારા માલિકી અને નિયંત્રણ ધરાવતા નાના વ્યવસાયની બાબત:** (15 USC 632(n)) વ્યાવસાયિક બાબત (નફા માટેનું વ્યાવસાયિક એકમ જેના વ્યવસાયનું સ્થળ યુનાઇટેડ સ્ટેટ્સમાં હોય અને પ્રાથમિકરૂપે જેનું સંચાલન યુનાઇટેડ સ્ટેટ્સમાં થતું હોય) અને 13 CFR § 121.201 પર SBAના કદ ધોરણો સાથે અનુરૂપ નાના તરીકે ધ્યાનમાં લેવામાં આવે; અને

- જેનો ઓછામાં ઓછો 51 ટકા હિસ્સો એક અથવા વધારે મહિલાની માલિકીનો હોય; અને
- જેના મેનેજમેન્ટ અને દૈનિક વ્યાવસાયિક કામગીરીઓનું સંચાલન એક અથવા વધારે મહિલા દ્વારા થતું હોય.

**સામાજિક અને આર્થિક રીતે વંચિત વ્યક્તિઓ દ્વારા માલિકી અને નિયંત્રણ ધરાવતા નાના વ્યવસાયની બાબત:**

**સામાજિક રીતે વંચિત વ્યક્તિઓ (13 CFR § 124.103)** તે છે કે જેઓ ગ્રૂપના સભ્ય તરીકેના તેમના વ્યક્તિગત ગુણોને ધ્યાનમાં લીધા વિના તેમની ઓળખને કારણે જાતિવાદી અથવા વંશીય પૂર્વગ્રહ અથવા સાંસ્કૃતિક પૂર્વગ્રહનો ભોગ બન્યા છે. નીચેના ગ્રૂપના સભ્યોને સામાજિક રીતે વંચિત વ્યક્તિઓ તરીકે માનવામાં આવે છે: અશ્વેત અમેરિકન; હિસ્પેનિક અમેરિકન; મૂળ અમેરિકન (અલાસ્કા વતની અને વતની હવાઇયન સહિત); એશિયન પેસિફિક અમેરિકન; અથવા ઉપખંડ એશિયન અમેરિકન.

**આર્થિક રીતે વંચિત વ્યક્તિઓ (13 CFR § 124.104)** તે સામાજિક રીતે વંચિત વ્યક્તિઓ છે કે જેઓની મુક્ત એન્ટરપ્રાઇઝ સિસ્ટમમાં સ્પર્ધા કરવાની ક્ષમતા સમાન વ્યાવસાયિક ક્ષેત્રમાં અન્ય લોકો કે જેઓ સામાજિક રીતે વંચિત નથી તેમની સરખામણીએ મૂડીના અભાવે અને ક્રેડિટ તકો જતી રહેવાથી ખતમ થઇ ગઇ છે.

**આદિજાતિની માલિકીની બાબત:** કોઇપણ બાબત કે જે ભારતીય આદિજાતિ દ્વારા ઓછામાં ઓછા 51 ટકા માલિકીમાં હોય. ભારતીય આદિજાતિને કોઇપણ ભારતીય આદિજાતિ, જાતિ પટ્ટો, રાષ્ટ્ર અથવા ભારતીયોના અન્ય સંગઠિત સમૂહ અથવા સમુદાય તરીકે વ્યાખ્યાયિત કરવામાં આવે છે જેમાં કોઇપણ ANC કે જેને તેમના ભારતીય તરીકેના દરજ્જાના કારણે યુનાઇટેડ સ્ટેટ્સ દ્વારા વિશેષ પ્રોગ્રામ અને સેવાઓ પૂરી પાડવા માટે લાયક માનવામાં આવે છે અથવા રાજ્ય દ્વારા તેમને આ પ્રકારે સ્વીકૃતિ આપવામાં આવે છે જેમાં આદિજાતિ, જાતિ પટ્ટો, રાષ્ટ્ર, સમૂહ અથવા સમુદાય રહેતા હોય તે સામેલ છે. 13 CFR § 124.3

**વેટેરન:** એવી વ્યક્તિ કે જેમણે સક્રિય લશ્કરી, નૌકાદળ અથવા હવાઈ સેવામાં સેવા આપી હતી અને જેમને અપમાનજનક સિવાયની શરતો હેઠળ ડિસ્ચાર્જ અથવા રિલીઝ કરવામાં આવ્યા હતા. શીર્ષક 38, કલમ 101(2).